**મોટાભાગના તાલુકાઓમાં સવારથી જ મતદાન કરવા માટે મતદારોએ ઉત્સાહ બતાવ્યો**

# વલસાડ જિ.પં.ની ૩૨ બેઠક માટે સરેરાશ ૭૩.૦૨% ટકા મતદાન

**તંત્ર** દ્વારા દિવ્યાંગ મતદારો અને વૃદ્ધો માટે વ્હીલચેર તેમજ અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ



### વલસાડ જિલ્લા પં.માં તાલુકા પ્રમાણે મતદાનની ટકાવારી

| | |
|---|---|
| ધરમપુર | ૮૦.૫૫% |
| કપરાડા | ૮૫.૦૦% |
| નાનાપોંઢા | ૭૮.૩૫% |
| ઉમરગામ | ૬૪.૫૦% |
| વલસાડ | ૬૧.૫૯% |
| પારડી | ૫૫.૧૪% |

વલસાડ : વલસાડ જિલ્લા પંચાયતની ૩૨ બેઠકો માટે જિલ્લામાં સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૭૩.૦૨ ટકા જેવું ભારે મતદાન જોવા મળ્યું હતું. મોટાભાગના તાલુકાઓમાં સવારથી જ મતદાન કરવા માટે મતદારોએ ઉત્સાહ બતાવ્યો હતો. વલસાડ જિલ્લા પંચાયતમાં તાલુકા પ્રમાણે મતદાનની ટકાવારીમાં ધરમપુરમાં ૮૦.૫૫%, કપરાડામાં ૮૫.૦૦%, નાનાપોંઢામાં ૭૮.૩૫%, ઉમરગામમાં ૬૪.૫૦%, વલસાડમાં ૬૧.૫૯% અને પારડીમાં ૫૫.૧૪% ટકા મતદાન નોંધાયું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ભવ્ય વર્માની દેખરેખ હેઠળ સમગ્ર જિલ્લામાં મતદાન પ્રક્રિયા સુચારુ રીતે પૂર્ણ થાય તે માટે તમામ પૂર્વતૈયારીઓ કરવામાં આવી હતી. મતદાન મથકો પર વરિષ્ઠ નાગરિકો, યુવા અને મહિલાઓ, પુરુષોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વહીવટી તંત્ર દ્વારા દિવ્યાંગ મતદારો અને વૃદ્ધો માટે વ્હીલચેર તેમજ અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ હતી.

કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે સમગ્ર જિલ્લામાં પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ યોગ્ય સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સંવેદનશીલ મતદાન મથકો સહિત મતદાન મથકો પર સીસીટીવી કેમેરા દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કાર્યરત કન્ટ્રોલ રૂમ પણ કાર્યરત કરવામાં આવ્યો હતો.

### દિવ્યાંગ મતદાતાઓએ વ્હીલચેરની મદદથી મતદાન મથકે પહોંચી મતદાન કર્યું

શારીરિક અશક્ત હોવા છતાં દિવ્યાંગ મતદારો પોતાના પરિવારજનોના સહારે અને વહીવટી તંત્ર દ્વારા પૂરી પાડવામાં આવેલી વ્હીલચેરની સહાયથી મતદાન મથક સુધી પહોંચ્યા હતા. આ મતદાતાઓનો ઉત્સાહ આજની યુવા પેઢીને તથા અન્યોને પણ મતદાન કરવાની પ્રેરણા પૂરી પાડે છે.



**ક્યાંક દીકરાએ તો ક્યાંક દીકરીએ લગ્નના દિવસે મતદાન કર્યું**

# નાનાપોંઢા તાલુકા પંચાયત બેઠક ઉપર 79.36 ટકા મતદાન

**સૌથી** વધુ 95 ટકા મતદાન જીરવલ મતદાન મથક ઉપર નોંધાયું

**કપરાડા** તા.પં. બેઠક ઉપર 86 ટકા, જિ.પં. બેઠક ઉપર 86 ટકા મતદાન નોંધાયું



વલસાડ : સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અંતર્ગત રવિવારે યોજાયેલી ચૂંટણીઓમાં નાનાપોંઢા અને કપરાડા તાલુકામાં વહેલી સવારથી જ મતદારોએ મતદાન મથકોએ પહોંચી મતદાન કર્યું હતું. વિશેષ કરી મહિલા મતદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. બીજી તરફ નાનાપોંઢા તાલુકામાં પ્રથમ બે કલાકમાં 15 ટકા અને નાનાપોંઢા તાલુકામાં 15.99 ટકા મતદાન નોંધાયું હતું. સાંજે 5 વાગ્યા સુધીમાં 79.36 ટકા મતદાન નોંધાયું હતું. કુલ 102706 મતદારો પૈકી 81509 મતદારોએ મતદાન કર્યું હતું. જેમાં પુરુષ 41746 અને 39763 મહિલા મતદારોનો સમાવેશ થાય છે. સૌથી વધુ 95 ટકા મતદાન જીરવલ 5 મતદાન મથક ઉપર નોંધાયું હતું. નાનાપોંઢા જિલ્લા પંચાયત બેઠક ઉપર 79.36 ટકા મતદાન નોંધાયું હતું. સવારે 7થી સાંજે 5 વાગ્યા સુધીમાં કપરાડા તાલુકામાં તાલુકા પંચાયત બેઠક ઉપર જિલ્લામાં સૌથી વધુ 86 ટકા મતદાન નોંધાયું હતું. જ્યારે જિલ્લા પંચાયત બેઠક ઉપર 86 ટકા મતદાન નોંધાયું હતું.

### નાનાપોંઢાના 75 વર્ષના વૃદ્ધાનો મતદાન માટે ઉત્સાહ

નાનાપોંઢા મતદાન મથક ખાતે 75 વર્ષના વૃદ્ધા ઇન્દુબેન ધીરુભાઈ ખાંડવીને પરિવાર મતદાન મથક સુધી લાવતા નાનાપોંઢા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારી વિપુલભાઈ પટેલે વૃદ્ધાને નાનાપોંઢા પ્રાથમિક શાળામાં વ્હીલ ચેર ઉપર બેસાડી લઈ જઈ મતદાન કરાવ્યું હતું.

### વારોલી તલાટની યુવતીએ લગ્ન અગાઉ મતદાન કર્યું



વારોલી તલાટ ખાતે મોહનભાઈ ખાંડરાની દીકરી દીક્ષાલીબેનના લગ્ન રવિવારે હોઈ તે અગાઉ તેણે પરિવાર સાથે મતદાન મથકે પહોંચી મતદાન કર્યું હતું. અને તમામને મતદાન કરવા આહ્વાન કર્યું હતું.

### રાજકીય આગેવાનોએ પણ મતદાન કર્યું

ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ પરિવાર સાથે કાકડકોપર ખાતે, એ.પી એમ.સી ચેરમેન અને તા. પ. ઉમેદવાર મુકેશ પટેલે નાનાપોંઢા ખાતે મતદાન કર્યું હતું.

### આસલોન ફળિયાના પરિવારે લગ્ન અગાઉ મતદાન કર્યું

નાનાપોંઢા તાલુકાના આસલોન ફળિયામાં મિશાલ પરિવારના વિકેશ મિશાલના રવિવારે લગ્ન હોઈ તે અગાઉ પરિવાર સાથે પહોંચી મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરી ઉત્તમ સંદેશો આપ્યો હતો.



ઉમેશ સોલંકી

# ઉમરગામમાં ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ

**તા.પં.ની** 30 બેઠક અને જિલ્લાની 7 બેઠકો માટે સરેરાશ 70.10 ટકા મતદાન નોંધાયું

**ભારે** ગરમીના કારણે બપોરે 3 વાગ્યા સુધીમાં મતદાન ખૂબ જ ધીમું રહ્યું

ઉમરગામ : ઉમરગામ પાલિકાની ચૂંટણીમાં શાંતિપૂર્ણ 70.10 ટકા મતદાન નોંધાયું હતું. સાથે તાલુકા પંચાયતની 30 બેઠકો અને જિલ્લાની 7 બેઠકો માટે ભાજપ કોંગ્રેસ સહિત અપક્ષ મળી 123 ઉમેદવારોના ભાવિ ઈવીએમ મશીનમાં બંધ થયા હતા.

ઉમરગામ પાલિકાની 7 વોર્ડની 28 બેઠકો પૈકી ભાજપે 8 બેઠકો બિનહરીફ જીતી લીધી હતી. રવિવારે બાકીની 20 બેઠકો માટે 14 બુથ ઉપર મતદાન થયું હતું. સવારે મતદારોની લાંબી કતારો જોવા મળી હતી. જો કે ગરમીના કારણે બપોરે મતદાન ધીમું રહ્યું હતું. સાંજે 5:00 વાગ્યા સુધીમાં વોર્ડ નંબર 1 માં 74.60 ટકા, વોર્ડ નંબર 3 મા 61.79 ટકા, વોર્ડ નંબર 4 માં 65.33 %, વોર્ડ નંબર 5 માં 70.25 ટકા, વોર્ડ નંબર 6 માં 76.70 ટકા અને વોર્ડ નંબર 7 મા સૌથી વધુ 77.70 ટકા મતદાન સાથે 70.10 ટકા નોંધાયું હતુ. ઉમરગામ તાલુકા પંચાયતની 30 બેઠકો અને ઉમરગામમાં આવતી જિલ્લાની 8 બેઠકો પૈકી એક બેઠક મોહનગામ બિનહરીફ થતા 7 બેઠકો માટે મતદાન થયું હતું. ભાજપે જિલ્લા પંચાયતની તમામ અને તાલુકા પંચાયતની એકાદ બે બેઠકોને બાદ કરતા તમામ બેઠકો ઉપર જીત મેળવવાના દાવા કર્યા છે.

### વોર્ડ નંબર 7 માં સવારે ઇવીએમ મશીન ખોટકાયું

વોર્ડ નંબર 7 માં સવારે અડધો પોણો કલાક સુધી ઇવીએમ મશીન ખોટકાયું હતું. ઉમરગામ પાલિકામાં કુલ પુરુષ મતદારો 7628 અને સ્ત્રી મતદારો 6701 મળી કુલ મતદારો 14,329 પૈકી પુરુષ મતદારો 5261 અને સ્ત્રી મતદારો 4783 મળી કુલ 10044 મતદારોએ મતદાન કર્યું હતું. જેમાં પુરુષ મતદાનની ટકાવારી 68.97 અને સ્ત્રી મતદારોની ટકાવારી 71.48% જેટલી અંદાજે નોંધાવા પામી છે.

# વાપી મનપાની પહેલી ચૂંટણીમાં મતદારોનો ભારે ઉત્સાહ

**વાપી** મનપામાં 81760 મતદારોનું 72.29 ટકા મતદાન

**સૌથી** વધુ મતદાન વોર્ડ નં.1 83.84%, સૌથી ઓછું મતદાન વોર્ડ નં.5 60.20%

**વોર્ડ** નં.૨માં કેટલાક મતદારોનું મતદારયાદીમાં નામ નહીં હોવાથી પાછા ફરવું પડ્યું



### વાપીના પંડોરમાં વરરાજાનું લગ્ન પહેલાં મતદાન

વાપી : વાપી નજીક પંડોર ગામમાં વરરાજાએ તેના પરિવાર સાથે પહેલા મતદાન કર્યુ ત્યારબાદ જાન લઈને લગ્ન માટે નીકળ્યા હતા. પંડોર ગામના અનાવિલ શ્રેષ્ઠી દિનેશભાઈ ધીરુભાઈ દેસાઈના પુત્ર કરણ દેસાઈએ રવિવારે સવારે લગ્ન માટે જવા તૈયાર થયા બાદ ફૂલહારવાળી કાર સાથે પંડોર પ્રાથમિક શાળા સ્થિત મતદાન મથક ઉપર જઈને મતદાન કર્યુ હતું. તેની સાથે માતા તેમજ ભાઈ રવિએ પણ મત આપીને વરરાજા કરણ સાથે લગ્ન માટે જવા નીકળ્યા હતા. ચૂંટણીમાં પોતાનો મત આપવાની ફરજને પ્રાથમિકતા આપીને વરરાજાએ બીજા લોકોને પ્રેરણાં આપી હતી.

વાપી : વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણીમાં મતદારોએ ભારે ઉત્સાહ બતાવી ભારે મતદાન કર્યુ હતું. મહાનગરપાલિકામાં જોડાયેલા ૧૧ ગામના ૬ વોર્ડમાં પણ ભારે મતદાન થયું હતું. ભારે ગરમી તાપ હોવા છતાં મતદારોએ તેમની ફરજ બરાબર નીભાવી હતી. વોર્ડ નં.૨માં કેટલાક મતદારો મતદાન મથકે આવ્યા બાદ તેમનું મતદારયાદીમાં નામ નહીં હોવાથી પાછા ફરવું પડ્યું હતું. આખા વાપી મનપાના બધા જ વોર્ડમાં શાંતિપૂર્ણ મતદાન થયું હતું.

વાપી મનપાના વોર્ડ નં.૧ માં ટકાવારીની દૃષ્ટિએ સાંજે પાંચ વાગે સુધીમાં સૌથી વધુ મતદાન જોવા મળ્યું હતું. અહીં 78.61 ટકા મતદાન નોંધાયું હતું. કુંતા, વટાર અને મોરાઈ તેમજ થોડો બલીઠાનો વિસ્તાર જે આ વોર્ડમાં આવે છે. વિસ્તારની દૃષ્ટિએ આ સૌથી મોટો વોર્ડ છે. જ્યારે ટકાવારીની દૃષ્ટિએ સૌથી ઓછું મતદાન વોર્ડ નં.૬માં જોવા મળ્યું હતું. સાંજે પાંચ વાગે સુધીમાં વોર્ડ નં.૬માં 53.28 ટકા મતદાન નોંધાયું હતું. જ્યારે અન્ય વોર્ડમાં સારું મતદાન જોવા મળ્યું હતું. વધુ મતદાન બાદ આ વિસ્તારના ધારાસભ્ય તેમજ નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ વધુ મતદાનને ભાજપની મોટી જીત તરીકે ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે, વિકાસના કામોને જોઈને લોકોએ ભારે મતદાન કર્યુ છે. ૨૮ તારીખે મતગણતરી બાદ વાપી મનપામાં ભાજપનું કમળ ખીલશે. ભાજપને મોટી જીત મળશે.

વાપી મનપાની ચૂંટણીમાં સવારથી જ મતદારોનો ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારે બે કલાકમાં જ મોટાભાગના બુથ ઉપર દસથી બાર ટકા મતદાન થઈ ગયું હતું. જે સાંજ સુધીમાં તો સિત્તેર ટકાને ઘણાં બુથ આંબી ગયા હતા. ભાજપ તેમજ કોંગ્રેસના ઉમેદવારો પોતાના બુથ પાસે જોવા મળ્યા હતા.

આજે થયેલા ભારે મતદાન બાદ વીઆઈએના પ્રમુખ ભાજપના પાંચ નંબરના વોર્ડના ઉમેદવાર સતિષભાઈ પટેલ, નવ નંબરના ઉમેદવાર મિતેશભાઈ દેસાઈ, કૌશિકભાઈ પટેલ સહિતના ઉમેદવારોના ભાવી ઈવીએમમાં કેદ થયા છે. કોંગ્રેસના મહેશભાઈ શાહ, પીરૂ મકરાણી, ખંડુભાઈ પટેલ જેવા નેતાઓના ભાવી ઈવીએમમાં કેદ થયા છે. હવે ૨૮ તારીખે મતગણતરી બાદ હાર-જીતનો ફેસલો થઈ જશે. જોકે આ આખી ચૂંટણી સારા વાતાવરણમાં લડાઈ તે લોકશાહી માટે સારી નિશાની છે.

| વોર્ડ | કુલ પુરુષ | કુલ સ્ત્રી | અન્ય | કુલ મતદારો | મતદાન (પુરુષ) | મતદાન (સ્ત્રી) | કુલ મતદાન | ટકાવારી (%) |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 4314 | 4104 | 1 | 8419 | 3344 | 3274 | 6618 | 78.61 |
| 2 | 6813 | 5894 | 0 | 12707 | 4558 | 3725 | 8283 | 65.18 |
| 3 | 4985 | 3662 | 0 | 8647 | 3450 | 2514 | 5964 | 68.97 |
| 4 | 4282 | 3625 | 0 | 7907 | 3018 | 2529 | 5547 | 74.40 |
| 5 | 5922 | 5453 | 0 | 11375 | 3384 | 2767 | 6151 | 54.07 |
| 6 | 5128 | 4637 | 0 | 9765 | 2836 | 2367 | 5203 | 53.28 |
| 7 | 3595 | 3589 | 0 | 7184 | 2080 | 1924 | 4004 | 55.73 |
| 8 | 4982 | 4693 | 0 | 9675 | 3413 | 3025 | 6438 | 66.54 |
| 9 | 4281 | 4002 | 0 | 8283 | 2988 | 2541 | 5529 | 66.75 |
| 10 | 4730 | 3904 | 2 | 8636 | 3204 | 2678 | 5882 | 68.11 |
| 11 | 3011 | 2464 | 0 | 5475 | 2415 | 1877 | 4292 | 78.39 |
| 12 | 4526 | 3663 | 0 | 8189 | 3100 | 2446 | 5546 | 67.72 |
| 13 | 3923 | 2910 | 0 | 6833 | 2821 | 2002 | 4823 | 66.21 |
| **કુલ** | - | - | - | - | **44665** | **37095** | **81760** | **72.29** |

**જિ.પં.ની ૧૮ બેઠક માટે ૫૨ અને ત્રણ તા.પં.ની ૪૭ બેઠક માટે ૧૧૬ ઉમેદવાર માટે મતદાન થયુ**

# ડાંગ જિલ્લામાં સરેરાશ ૭૭.૧૭ ટકા મતદાન

**જિલ્લા** પંચાયત માટે સૌથી વધુ મતદાન ૩ બરડા બેઠક ઉપર ૮૦.૦૨ ટકા, સૌથી ઓછું ૧ આહવા- ૧ બેઠક ઉપર ૫૩.૪૯ ટકા



ગીરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લા પંચાયતની ૧૮ બેઠકો માટે ૫૨ અને ત્રણ તાલુકા પંચાયતોની કુલ ૪૭ બેઠકો માટે કુલ ૧૧૬ ઉમેદવારોની ચૂંટણી માટે મતદાન થયુ હતુ. જેમાં કુલ ૯૭,૯૩૯ પુરૂષ અને ૯૫,૬૪૭ સ્ત્રી મતદારો મળી કુલ ૧,૯૩,૫૮૮ મતદારો પૈકી ૭૨,૯૪૭ પુરૂષ અને ૭૨,૩૯૫ સ્ત્રી મતદારો મળી કુલ ૧,૪૫,૩૪૨ મતદારોએ ડાંગ જિલ્લા પંચાયતની ૧૮ બેઠકો ઉપર ૭૭.૧૭ ટકા, મતદાન થયું હતુ. જે પૈકી સૌથી વધુ મતદાન ૩ બરડા બેઠક ઉપર ૮૦.૦૨ ટકા, અને સૌથી ઓછું મતદાન ૧ આહવા- ૧ બેઠક ઉપર ૫૩.૪૯ ટકા નોંધાયું છે.

ડાંગ જિલ્લા ચૂંટણી અધિકારી શાલિની દુહાનના માર્ગદર્શન હેઠળની ટીમે સવારે ૭ વાગ્યાથી મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સાથે જ લોકશાહીના આ પર્વમાં ભાગ લેવા માટે મતદાન માટે લોકોમાં અનેરો ઉમળકો અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

### આહવા તાલુકાની ૧૫ બેઠક માટે સરેરાશ ૭૪.૩૫ ટકા મતદાન

ડાંગ જિલ્લાના આહવા તાલુકા પંચાયતમાં તાલુકાની ૧૫ બેઠકો માટે નોંધાયેલા ૪૦,૮૬૫ પુરૂષ મતદાર અને ૩૯,૯૭૯ સ્ત્રી મળી કુલ ૮૦, ૮૪૪ મતદારો પૈકી સાંજના પાંચ વાગ્યા સુધીમાં ૨૪,૯૧૬ પુરૂષ અને ૨૫,૩૭૬ સ્ત્રી મળી કુલ ૫૦,૨૯૨ મતદારોએ મતદાન કરતા અહી સરેરાશ ૭૪.૩૫ ટકા મતદાન નોંધાયુ હતું. જે પૈકી સૌથી વધુ મતદાન ૧૬ વાસુર્ણા બેઠક ઉપર ૮૧.૧૩ ટકા નોંધાયું છે. ઉલ્લેખનીય છે કે ડાંગ તાલુકા પંચાયતની ૧૦ કલમવિહિર બેઠક ચૂંટણી અગાઉ જ બિનહરીફ જાહેર થઈ ચૂકી છે.

### વઘઇ તાલુકાની ૧૬ બેઠક માટે સરેરાશ ૮૧.૯૭ ટકા મતદાન

વઘઇ તાલુકા પંચાયતમાં વઘઇ તાલુકાની ૧૬ બેઠકો માટે નોંધાયેલા ૨૮,૪૬૨ પુરૂષ મતદાર અને ૨૮,૫૯૧ સ્ત્રી મતદારો મળી કુલ ૫૭ હજાર ૦૫૩ મતદારો પૈકી મતદાન ૨૩,૧૩૯ પુરુષ અને ૨૩,૬૨૯ સ્ત્રી મળી કુલ ૪૬,૭૬૫ મતદારોએ મતદાન કરતા અહી સરેરાશ ૮૧.૯૭ ટકા મતદાન નોંધાયુ હતું. જે પૈકી સૌથી વધુ મતદાન ૧૦ મોટામાળુંગા બેઠક ઉપર ૮૮.૭૮ ટકા, અને સૌથી ઓછું મતદાન ૧ વઘઇ બેઠક ઉપર ૭૦.૧૪ ટકા નોંધાયું છે.

### સુબીર તાલુકાની ૧૬ બેઠક માટે સરેરાશ ૭૬.૦૮ ટકા મતદાન

સુબીર તાલુકા પંચાયતમાં તાલુકાની ૧૬ બેઠકો માટે નોંધાયેલા ૨૮,૬૧૨ પુરૂષ મતદાર અને ૨૭,૦૭૯ સ્ત્રી મતદાર મળી કુલ ૫૫૬૯૧ મતદારો પૈકી મતદાન ૨૧,૮૧૬ પુરુષ અને ૨૦,૫૫૬ સ્ત્રી મળી કુલ ૪૨,૩૭૨ મતદારોએ મતદાન કરતા અહી અહી સરેરાશ ૭૬.૦૮ ટકા મતદાન નોંધાયુ હતું. જે પૈકી સૌથી વધુ મતદાન ૧૦ ખાંબલા બેઠક ઉપર ૮૩.૮૧ ટકા, અને સૌથી ઓછું મતદાન ૧૧ કિરલી બેઠક ઉપર ૭૨.૪૫ ટકા નોંધાયું છે.

## કોટમદર શાળામાં મતદાન મથક પર કાગડા ઉડ્યા

સાપુતારા : આહવાનાં કોટમદર ગામમાં રસ્તા અને જર્જરિત નાળાની સમસ્યા ઉકેલવામાં નિષ્ફળ રહેલા તંત્રને ગ્રામજનોએ સજ્જડ પાઠ ભણાવ્યો છે. રોડ નથી તો વોટ નથી ના મક્કમ નિર્ધાર સાથે ગામના ૮૪૮ મતદારોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો. કોટમદર ગામનું ડૂબાવનાળું ચોમાસે મોતનું છટકુ બને છે. ગ્રામજનોએ રજૂઆતો કરી હોવા છતાં, તંત્રના બહેરા કાને કોઈ અવાજ સંભળાયો નહોતો. અંતે, સત્તાધીશોની ઉદાસીનતાથી કંટાળીને ગ્રામજનોએ લોકશાહીના સૌથી મોટા હથિયાર એવા 'મતાધિકાર'નો ત્યાગ કરીને પોતાનો રોષ વ્યક્ત કર્યો છે. ઉપરાંત સાપુતારાની તળેટીમાં આવેલા જોગબારી ગામમાં પણ રસ્તાની જર્જરિત હાલત જોઈને લોકોએ મતદાનનો બહિષ્કાર કરવાની તૈયારી કરી લીધી હતી. જોકે, પણ મહિલા સરપંચ તન્મયબેન ઠાકરેએ લોકશાહીનું મહત્વ સમજાવી લોકોને આશ્વાસન આપ્યું હતું.

# પારડીમાં મતદાન માટે લોકોમાં ઉત્સાહ

**ટુકવાડા,** પરિયા, સુખેશ અને ઉમરસાડી જિ .પ. ની બેઠક પર 60 ટકા મતદાન

પારડી : પારડી તાલુકાની જિલ્લા પંચાયતની ચાર બેઠકો–ઉમરસાડી, પરિયા, ટુકવાડા અને સુખેશ પર 60% મતદાન નોંધાયું હતું. જ્યારે તાલુકા પંચાયતની 22 બેઠકો પર અંદાજિત 65% થી વધુ મતદાન થયુ હતું. મતદારો માટે શરબત વિતરણમાં કોંગ્રેસના સતીશ પટેલ પણ કાર્યકરો સાથે ઉપસ્થિત રહ્યા હતા. કીકરલામાં સરપંચ મનોજ પટેલ અને ઉપસરપંચ મયુર પટેલે મતદાન માટે અપીલ કરી હતી. ઉદવાડામાં ભાજપના ઉમેદવાર પ્રજ્ઞેશ પટેલ અને સરપંચ ધર્મેન્દ્ર પટેલે વિજયનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. નાણામંત્રી કનુભાઈ દેસાઈએ સુખેશ મતદાન મથકની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું.

પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલે તમામ 22 તાલુકા પંચાયત અને 4 જિલ્લા પંચાયતની બેઠકો પર ભાજપનો ભગવો લહેરાશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ઈન્સ્પેક્ટર જી.આર. ગઢવીની ટીમ દ્વારા ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવતા મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું.

### ધરમપુર તા.પં.ની ચૂંટણીમાં 81 ટકા મતદાન

ધરમપુર : ધરમપુર તાલુકા પંચાયતની 24 બેઠકો અને જિલ્લા પંચાયતની 6 બેઠકો માટે યોજાયેલા મતદાનમાં સરેરાશ 81 ટકા મતદાન નોંધાયું છે. બામટી બેઠક પર વરરાજા ભાવેશ પટેલે લગ્નની પીઠી લગાવેલી હાલતમાં મતદાન મથક પર પહોંચી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. વહેલી સવારથી જ મતદાન મથકો પર લાંબી કતારો જોવા મળી હતી. જેમાં આવધામાં 87%, ભાનવણમાં 87%, મોટી કોરવડ અને પીંડવણમાં 86%, ધામણી અને હનમતમાળમાં 84%, ભેંસધરા અને બોપીમાં 82% અને આબાતલાટમાં 81% મતદાન નોંધાયું હતુ. જિલ્લા પંચાયતની 6 બેઠકોની વાત કરીએ તો આબાતલાટમાં 82.54%, આવધામાં 84.73% અને માકંડબનમાં 83.92% સાથે સરેરાશ 80% મતદાન નોંધાયું છે.

### મોટી ઢોલડુંગરીમાં ઈવીએમ મશીન ખોટકાયું

મોટી ઢોલડુંગરી મતદાન મથક-2 પર ઈવીએમ મશીનમાં ટેક્નિકલ ખામી સર્જાતા મતદાન પ્રક્રિયા અટકી પડી હતી. અધિકારીઓએ એક કલાકમાં નવું મશીન ગોઠવ્યા બાદ મતદાન પુનઃ શરૂ કરવામાં આવ્યું હતું.

### ઉમરસાડીમાં પીઠી ચોળેલી કન્યા અને વરરાજાએ મતદાન કર્યું



અમૃત પટેલ

પારડી : વલસાડ જિલ્લાની ઉમરસાડી બેઠક પર વહેલી સવારથી જ મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. બપોરે ત્રણ વાગ્યા સુધીમાં અહીં સરેરાશ 50% જેટલું ઊંચું મતદાન નોંધાયું હતું. ભાજપના ઉમેદવાર પ્રજ્ઞેશ પટેલે શાંતિપૂર્ણ મતદાન પર સંતોષ વ્યક્ત કરતા જણાવ્યું કે, લોકો સ્વયંભૂ વિકાસના નામે મતદાન કરી રહ્યા છે. તેમણે પારડી તાલુકા પંચાયતની તમામ 22 અને જિલ્લા પંચાયતની 4 બેઠકો જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ તબક્કે નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સરકારના વિકાસ કાર્યોને કારણે જનતા ભાજપની તરફેણમાં ઉતરી છે. સરપંચ ધર્મેન્દ્ર પટેલે જણાવ્યું કે, ઘર આંગણે લગ્નનો પ્રસંગ હોવા છતાં તેઓ માત્ર એક કલાક માટે ઘરે ગયા હતા અને આખો દિવસ ફિલ્ડમાં રહી વધુમાં વધુ મતદાન થાય તેવા પ્રયાસો કર્યા હતા. મોડી સાંજ સુધી ઉમરસાડી બેઠક પર ઉત્સાહપૂર્વક મતદાનની પ્રક્રિયા શરૂ રહી હતી.